# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૨૧-૧૧-૨૦૦૯**

- **વિધાનસભાના સત્રમાં તારાંકિત પ્રશ્નોતરી નહીં રાખીને લોકશાહીનું હનન.**
- **છ મહિના પછી મળતાં નિયમિત સત્રમાં પ્રશ્નોતરીનો કાળ હોવોજ જોઈએ.**
- **વિધાનસભાના નિયમ-૭૧ મુજબ એક કલાકનો સમય તારાંકિત પ્રશ્નોતરી માટે રાખવાની જોગવાઈ હોવા છતાં ભા.જ.પ.ની સરકારનો નિયમ વિરુધ્ધ સરમુખત્યાર નિર્ણય.**

બારમી ગુજરાત વિધાનસભાનું આગામી પાંચમું સત્ર આહવાન કરતો નામદાર રાજયપાલશ્રીનો હુકમ અને સત્રની સભાઓની તારીખવાર યાદી મળી. સભાઓની આ તારીખવાર યાદીમાં સત્ર તા.૧૭ અને ૧૮મી ડિસેમ્બર-૨૦૦૯ના બે દિવસ માટેનું હોવાનું દર્શાવવામાં આવ્યું છે અને એવું જાણવા મળ્યું છે કે વિધાનસભાના આગામી સત્રમાં રાબેતા મુજબની તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવી નથી. જે ઘણી આશ્ચર્યજનક અને દુ:ખદ બાબત જણાય છે.

વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોતરીનો સમય એ વિધાનસભાનો પ્રાણ છે-વિધાનસભાનો ધબકાર છે. ગુજરાતની પ્રજાના પ્રાણપ્રશ્નોને વાચા આપવાનો અને પ્રજાના પ્રશ્નોને નિકાલની દિશા તરફ લઈ જવા માટે પ્રજાના પ્રતિનિધિઓનું તે અસરકારક હથિયાર છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૭૧ મુજબ વિધાનસભાની દરેક બેઠકનો પ્રથમ કલાક પ્રશ્નો પૂછવા અને જવાબ આપવા માટે રાખવાનો હોય છે. સામાન્ય રીતે દરેક સત્રમાં તારાંકિત પ્રશ્નોતરી રાખવામાં આવે છે સિવાય કે ખાસ સત્ર ખૂબજ ટૂંકી નોટિસે બોલાવ્યું હોય અને વિધાનસભાના નિયમ-૭૩ મુજબ તારાંકિત પ્રશ્ન પૂછવા માટેની ઓછામાં ઓછી ૨૧ અને વધારેમાં વધારે ૨૮ દિવસની સૂચનાનો સમય ન મળતો હોય. હાલમાં જે સત્ર મળે છે તે ખાસ સત્ર નહી પરંતુ બંધારણીય જોગવાઈઓ મુજબ ફરજીયાતપણે છ મહિને બોલાવવુ પડે તેવું રેગ્યુલર સત્ર છે અને તેથી આ સત્રમાં તારાંકિત પ્રશ્નોતરી વિધાનસભાના નિયમોની જોગવાઈઓ મુજબ હોવીજ જોઈએ.

વળી તારાંકિત પ્રશ્નોતરી ન રાખવામાં આવે અને પ્રશ્નોતરીના સમયમાં ફકત ટૂંકી મુદતના પ્રશ્નો રાખવામાં આવે તે બાબત પણ સંસદીય લોકશાહી, પ્રણાલિઓ અને કાર્યરીતિ સાથે સુસંગત નથી. તારાંકિત પ્રશ્નોતરીને બદલે ટૂંકી મુદતના પ્રશ્નો રાખવાના કારણે વિધાનસભાના સભ્યોની ગુજરાતની પ્રજાના પ્રાણ પ્રશ્નોને વિધાનસભા ગૃહમાં વાચા આપવાની અને પ્રજાના પ્રશ્નોને યોગ્ય નિકાલની દિશા તરફ લઈ જવાની વિધાનસભાના સભ્યોની પ્રાથમિક ફરજ ઉપર ઘણી મર્યાદાઓ આવી જાય છે. કારણ કે, તારાંકિત પ્રશ્નો દાખલ કરવાને લગતા નિયમોની જોગવાઈઓની સરખામણીમાં ટૂંકી મુદતના પ્રશ્નો દાખલ કરવાને લગતા નિયમોની જોગવાઈઓ વિધાનસભામાં રજૂ કરવાના પ્રશ્નો ઉપર ઘણી મર્યાદાઓ લાવી દે છે. ટૂંકી મુદતના પ્રશ્નોના નિયમ હેઠળ મર્યાદિત પ્રકારના પ્રશ્નો મર્યાદિત પ્રમાણમાં દાખલ કરવામાં આવે છે. જેથી વિધાનસભાના સભ્યશ્રીઓ તારાંકિત પ્રશ્નોતરી દ્વારા રજૂ કરવાના પ્રજાના પ્રશ્નોને વાચા આપવાના પોતાના અધિકારથી વંચિત રહી જાય છે.

ગુજરાતના રાજયપાલશ્રીએ વિધાનસભાનું આગામી પાંચમું સત્ર તા.૧૭.૧૨.૨૦૦૯ના રોજ બોલાવવા માટેનું આહવાન કરતો હુકમ તા.૧૦મી નવેમ્બર-૨૦૦૯ના રોજ કરેલ છે. તે જોતાં વિધાનસભાના આગામી સત્રમાં તારાંકિત પ્રશ્ન પૂછવા માટેના નિયમ-૭૩ મુજબ જોઈતા ઓછામાં ઓછા ૨૧ કામકાજના દિવસો મળી રહે છે આગામી સત્રમાં તારાંકિત પ્રશ્નોતરી નહીં રાખવાનો માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય આશ્ચર્યજનક ,ઘણો દુઃખદ  અને સભ્યોના અધિકાર ઉપર તરાપ મારતો હોવાનું જણાય છે. આમ સમગ્ર રીતે જોતાં અને આગામી સત્રમાં તારાંકિત પ્રશ્નો પૂછવાનો નિયમો મુજબનો ચોકખો ૨૧ દિવસનો નોટિસ પિરીયડ  મળતો હોવાથી તારાંકિત પ્રશ્નોતરી નહીં રાખવાના આપના નિર્ણય ઉપર ફેરવિચારણા કરવા અને રાબેતા મુજબની તારાંકિત પ્રશ્નોતરી રાખવાનો નિર્ણય કરવા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે માંગણી કરી છે.

-----------------------------------------------------------------------------------------------

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ